**NATIONAL SERVICE SCHEME**

**SHETH D. M. POLYTECHNIC IN HORTICULTURE**

**ANAND AGRICULTURAL UNIVERSITY**

**MODEL FARM, VADODARA**

## શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર આણંદ કૃષિ યુનિવર્સિટી મોડલ ફાર્મ, વડોદરા ખાતે ગાંધી જયંતિની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો..

શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, મોડલ ફાર્મ, વડોદરા ખાતે ગાંધી જયંતિની ઉજવણી તા.૦૧.૧૦.૨૦૨૧ ના રોજ એન.એન.એસ યુનિટ અને સ્વંસેવકો દ્વારા કરવામાં આવેલ. એસ.આર.સી.ચેરમેન ડૉ.આર.જે.મકવાણાએ કાર્યક્રમની શરૂઆત કોલેજના આચાર્યશ્રી ડૉ.બી.એચ.પંચાલ અને કોલેજના શિક્ષકો તથા કર્મચારીઓ અને સર્વે વિદ્યાર્થીઓ નું શાબ્દિક સ્વાગતથી કરેલ. ત્યાર બાદ કોલેજ ના આચાર્ય શ્રી ડૉ.બી.એચ.પંચાલે ભારતની આઝાદીમાં બાપુની ભૂમિકા વિષે વિસ્તૃતમાં રસપ્રદ જાણકારી આપેલ. વિદ્યાર્થીઓ અને કર્મચારીગણ સદર કાર્યક્રમમાં ગાંધી બાપુ પર વકૃતત્વ અને દેશભક્તિ ગીતગાન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં અત્રેની કોલેજના કુલ ૧૦ વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ. જેમાં વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવનશૈલી અને કાર્યકાળના અગત્યના પ્રસંગો આધારિત વિષય પર મંતવ્ય આપેલ. ડૉ.આઈ.એન.ભાભોર, મદદનીશ પ્રાધ્યાપક એ પણ ગાંધીજીના જીવનનાં કેટલાંક પ્રસંગો ટાંકીને માહિતી આપેલ.સદર કાર્યક્રમમાં ત્રીજા અને પાંચમા સેમેસ્ટર ના કુલ ૭૦ વિધાર્થીઓ હાજર રહેલ. કાર્યક્રમના અંતે ડૉ.આર.જે.મકવાણા સર્વે નો આભાર વ્યક્ત કરી સમૂહ રાષ્ટ્રગાન ગાઈને કાર્યક્રમ પૂર્ણ કરેલ.

# PHOTO GALLERY

















